# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૮૧ વર્ષ - ૧૬ : ઓક્ટોબર–૨૦૧૨


## આસો સુદ ૧૨, શુક્રવાર તા. ૧૩-૧૦-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૩૧૬ ઉપર પ્રવચન, પ્રવચન–૧૧૮

**પોતાનો મહિમા જ પોતાને તારે. બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. ૩૧૬.**



ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ (છે), તેની અંદરમાં મહિમા હોય તો આત્માના તરવાનો ઉપાય હાથ આવે છે. છે ? **'પોતાનો મહિમા જ...'** અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આવે એ શુભરાગ છે. એની મહિમા આવે એ મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ ! પોતાનું નિજ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ જે જ્ઞાયકભાવ, એની મહિમા આવે તો સમ્યગ્દર્શન થાય છે, તો તરવાનો ઉપાય એને હાથ લાગે છે. આહા..હા..! આવી વાત છે.

**'બહારના ભક્તિ-મહિમાથી નહિ...'** ભગવાનની ભક્તિ હોય કે પડિમા ધારવી વિકલ્પ-રાગ હોય, એની મહિમાથી આત્માનો ધર્મ નથી થતો. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! ઝીણી વાત બહુ. આહા..હા..! કેમ ? કે આત્મા જ્ઞાયકસ્વભાવથી ભરેલો (પદાર્થ), એ દયા, દાન, વ્રત, પડિમાના કે ભક્તિના વિકલ્પ, ખરેખર તો એનાથી મુક્ત ભિન્ન છે. સમજાણું કાંઈ ? ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ, શુદ્ધ જ્ઞાનઘન એનાથી પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રત આદિ વિકલ્પ છે, એ તો આત્માના સ્વભાવથી છુટા પડ્યા છે, ભિન્ન પડ્યા છે. આવી વાત છે.

મુમુક્ષુ :– ભિન્ન કે વિરુદ્ધ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભિન્ન પડ્યા છે, જુદો પડ્યા છે. પોતાના સ્વભાવમાં નથી. આહા..હા..! આવી વાત ઝીણી, ભાઈ !

આમ તો અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત લીધા, અઠ્યાવીશ મુળગુણ પાળ્યા, એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..! એ રાગની ક્રિયાની મહિમાને કારણે પોતાના સમ્યગ્દર્શન સ્વરૂપની મહિમા ન આવી.

આહા..હા..! છે? **'ભક્તિ-મહિમાથી...'** ભગવાનની ભક્તિ, તીર્થંકર ત્રિલોકનાથની પ્રતિમા, મૂર્તિ કે સાક્ષાત્ ભગવાન, એની ભક્તિ પણ રાગ છે. આહા..હા..! એની **'મહિમાથી નહિ...'** એની મહિમાથી પોતાનું સમ્યગ્દર્શન–તરણ ઉપાય પ્રગટશે નહિ. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? જગત ક્યાંનું ક્યાંય પડ્યું છે અને વસ્તુ ક્યાંય પડી છે. આહા..હા..!

જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યદળ, શુદ્ધ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ! એની મહિમા ન આવતા, આ ભક્તિ આદિ બહાર પરમાત્માની ભક્તિ કે વ્રત કે અપવાસનો વિકલ્પ જે રાગ છે, એ મહિમાથી પોતાની મહિમા નથી આવતી. આહા..હા..! આવી વાત છે. લોકોને આકરું લાગે, શું કરે ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા, દિગંબર થયો, હજારો રાણીનો ત્યાગ કર્યો, દ્રવ્યલિંગ ધારણ કર્યું, અઠ્યાવીશ મૂળગુણ, મહાવ્રત આદિ પાળ્યા, પણ એ તો રાગ છે. પ્રભુ ! પ્રભુ ! બહુ ઝીણી વાત, ભાઈ ! એ રાગની ક્રિયા એનાથી જ્ઞાયકસ્વરૂપ ભગવાન ભિન્ન છે. એકત્વ નથી. એકત્વ માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞાયકસ્વરૂપ ભગવાન પ્રભુ ! સચ્ચિદાનંદ સહજાત્મસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય, એની મહિમા, એની મોટપ, એ રાગથી ભિન્ન–અધિક–ભિન્ન થઈને પોતાની મહિમામાં જાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એવી વાત છે. **'ભક્તિ-મહિમાથી નહિ...'** ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરની સાક્ષાત્ સમવસરણમાં ભક્તિ અનંતવાર કરી. સમવસરણમાં મણિરત્નના થાળ, કલ્પવૃક્ષના ફૂલ, હીરાનો થાળ, મણિરત્નના દીવા(થી પૂજા કરી). સમવસરણમાં... મહાવિદેહક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો છે. અને ત્યાં સમવસરણમાં અનંતવાર ગયો છે અને અનંતવાર ત્યાં ભગવાનની ભક્તિથી આરતી પણ ઉતારી છે. પણ એ તો શુભરાગ છે. જ્યાં સુધી તેની મહિમા આવે છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! આવી આકરી વાતું, ભાઈ !

અંતર ભગવાન શુભરાગના, વિકલ્પના છોતરાથી ભગવાન ભિન્ન અંદર છે. અરે..! કેમ બેસે ? અંતર્મુખ દૃષ્ટિ કરતાં, બાહ્ય દૃષ્ટિ–વિકલ્પ આદિ રાગની દૃષ્ટિ છોડીને... આહા..હા..! જે એમાં નથી, એની દૃષ્ટિ અને રુચિ છોડીને અંતરમાં જ્ઞાયક ત્રિકાળી આનંદનો નાથ, પ્રભુ સહજાત્મસ્વરૂપ, એમાં દૃષ્ટિ લગાવવાથી, એની મહિમા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! આવું છે. જગતથી ઘણું ઊંધું, ભાઈ !

**'પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.'** આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યલોક આનંદ આદિ અનંત ગુણથી ભરેલો, પ્રભુ ! એ ચૈતન્યની પરિણતિ, એ ભક્તિ આદિ જે પરિણતિ છે એ તો રાગની પરિણતિ છે. આહા..હા..! આવું આકરું છે, ભાઈ ! કેમ કે બહિર્લક્ષી વૃત્તિ છે. ભક્તિ આદિ, વ્રત આદિ, તપ આદિ બધી બહિર્લક્ષી વૃત્તિ છે. ભલે શુભરાગ હોય, પણ એ બહિર્લક્ષી વૃત્તિ છે. આહા..હા..! એમાં ચૈતન્યની પરિણતિ નથી. આહા..હા..!

જ્ઞાયક ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! એની **'ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.'** આહા..હા..! આકરું કામ ભારે. વ્યવહાર ભક્તિ આદિનો ભાવ તો રાગ છે. એ તો એણે અનંતવાર કર્યા છે, પણ સમ્યગ્દર્શન થયું નથી. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' એ મહાવ્રત આદિ લીધું, પડિમા ધારણ કર્યા, એ બધો રાગ છે, દુઃખ છે. રાગથી ભિન્ન ભગવાન ચૈતન્યસ્વરૂપ, એનું જ્ઞાન કર્યું નહિ તો આનંદ આવ્યો નહિ,. દુઃખ થયું. આહા..હા..! આવું સ્વરૂપ છે. લોકોને આકરું લાગે, શું થાય ? આહા..! માર્ગ તો આ છે. ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવ, પરમાત્મા, એની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ ?

ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન, એની પરિણતિ. પરિણતિ નામ એની નિર્મળ દશા. ભક્તિ આદિ, વ્રત આદિનો ભાવ તો મલિન દશા છે. આહા..હા..! એ મલિન દશાની આત્માને મહિમા આવે છે, તો એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! પોતાનું ચૈતન્ય, એ ભક્તિ આદિ, રાગાદિ, વિકલ્પાદિથી ભિન્ન પ્રભુ અંદર છે. કેમ કે ભક્તિ આદિ પરિણામ પુણ્યતત્ત્વ છે અને ભગવાન

આત્મા તો પુણ્યતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! એનો અર્થ એ છે કે ચૈતન્યલોક ભગવાન એ રાગથી મુક્ત જ છે. કેમકે પરચીજ છે ને ! આ વાત કેમ બેસે ? આહા..હા..! એ રાગનો વિકલ્પ જે છે, બહાર વ્રતના, પંચ મહાવ્રતના, પડિમાનો રાગ, એ તો બધો વિકારભાવ છે. એ બધું પોતાના સ્વરૂપથી ભિન્ન છે. એની પરિણતિ તો મિથ્યાત્વ, એને માનવાથી ધર્મ થાય એ તો મિથ્યાત્વની પરિણતિ છે. પરિણતિ નામ મિથ્યાત્વની દશા છે. આહા..હા..!

**'ચૈતન્યની પરિણતિમાં...'** જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ થતાં, જે જ્ઞાયકની શુદ્ધ ચૈતન્યદશાની દશા, એ ચૈતન્યની નિજ મહિમાથી તરાય છે. એનાથી તરણનો ઉપાય એ છે. બહુ આકરું લાગે. શું થાય ? આહા..હા..! અશુભભાવ પણ અનંતવાર કર્યા છે અને એવા વ્રત, તપ, ભક્તિ, અપવાસ, છ-છ મહિનાના અપવાસ, ભગવાનની આરતી, કરોડોના દાન, કરોડો મંદિરો બનાવ્યા, એવા શુભભાવ અનંત વાર કર્યા છે, ભાઈ ! એ ચીજ કોઈ નવી નથી. આહા..હા..! એ રાગની જેને મહિમા આવે છે, એને નિર્વિકાર ચૈતન્ય ભગવાનની મહિમા નથી અને જેને ચૈતન્ય નિર્વિકારની મહિમા છે, એને રાગની મહિમા આવતી નથી કે મેં શુભભાવ આમ કર્યો... આમ કર્યો. એ મહિમા ધર્મીને આવતી નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે. આકરું પડે.

**'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.'** જેને ભગવાન જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, ધ્રુવ, એનો જેને મહિમા છે, એને ભગવાનનો સાચો મહિમા હોય છે. આહા..હા..! બાકી તો ભગવાન બહારના આવા છે, અતિશય છે, ભગવાન બોલતા નથી, દિવ્યધ્વનિ છે. એ તો પરવસ્તુ છે. અંતરમાં ભગવાન જ્ઞાયકસ્વરૂપ, એની મહિમાથી ચૈતન્યપરિણતિ થઈ, એને જ ભગવાનનો યથાર્થ મહિમા આવે છે. આવું છે, ભાઈ ! છે ?

**'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.'** ભગવાન સર્વજ્ઞ વીતરાગ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ. એને સજવાથી હું આવો છું. હું પણ અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, જ્ઞાયકસ્વરૂપ અખંડાનંદ નાથ (છું). એમ નિમિત્તને દેખીને પોતાના સ્વભાવની મહિમા આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! આ તો અધ્યાત્મ તત્ત્વની વાત છે. આહા..હા..!

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૦મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૦મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૬-૧૨-૧૨ થી માગશર સુદ-૮, તા. ૨૦-૧૨-૧૨ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૯-૧૨-૧૨ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

કાર્યક્રમ સ્થળ :– **'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'** પ્લોટ નં. ૧૯૪૨–બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર–૩૬૪૦૦૧

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧,



# શ્રી પરમાગમસાર, વચનામૃત-૩૪૮ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૭૨ (તા.૧-૯-૧૯૮૩, ભાવનગર)

૩૪૮. ૯૨માં પાને.

મોક્ષાર્થીજીવ ભેદજ્ઞાન કરે છે. બુદ્ધિપૂર્વક ભેદજ્ઞાન કેમ થાય છે ? મોક્ષાર્થીજીવની ભેદજ્ઞાનની શરૂઆતની વિધિ છે એ અહીંયાં દર્શાવવી છે. શરત એટલી છે, કે આ ભેદજ્ઞાન કરનાર જીવ મોક્ષાર્થી થયો છે. મોક્ષાર્થી નથી અને ભેદજ્ઞાન કરે છે કે મોક્ષાર્થી નથી અને ભેદજ્ઞાન કરી શકે છે એમ બનતું નથી. વિષય થોડો કઠિન લાગે છે એનું કારણ આ છે. ભેદજ્ઞાનનો વિષય અહીંયાં થોડો અઘરો પડે છે, કઠિન લાગે છે એનું કારણ આ છે, કે મોક્ષાર્થીપણામાં ભેદજ્ઞાનનો પ્રારંભ થાય છે. એવું મોક્ષાર્થીપણું નહિ હોવાને લીધે આ પ્રકારે ભેદજ્ઞાનનો પ્રારંભ કેમ થાય ? એ જરા કઠિન લાગે છે. પ્રારંભ આમ કેમ થાય ? અને એમાં જે નડે છે એ આ વાત નડે છે.

**'જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે.'** એમ કહ્યું. **'રાગની દશાની દિશા પર તરફ છે...'** સ્પષ્ટ કરવા માટે રાગની દશા લીધી. **'રાગની દશાની દિશા પર તરફ છે...'** કેમકે રાગ તો પર અભિલાષરૂપ છે. રાગ છે તે પરઅભિલાષરૂપ હોવાથી તે **'રાગની દશાની દિશા પરતરફ છે...'** એ વાત તો સારી રીતે પરિચિત છે. પણ મિથ્યાત્વના જોરમાં જ્ઞાનની દશાની દિશા પણ પર તરફ ચાલે છે એવો પરિચય છે. જ્ઞાનનો પરિચય કેવો છે ? કે જ્ઞાનની દશા, એની દિશા પણ જે છે એ પર તરફ છે એવો પરિચય છે. જેમ રાગ પ્રવર્તે છે તેમ જ જ્ઞાન પ્રવર્તતું જોવામાં આવે છે. અહીંયાં એ ના પાડે છે.

મોક્ષાર્થીજીવ જો રાગ અને જ્ઞાનને ભિન્ન-ભિન્ન જોવે, ભિન્ન-ભિન્ન અવલોકે તો એને રાગની દશાની દિશાની પર તરફ જણાશે પણ એને જ્ઞાનદશાની દિશા પર તરફ નહિ જણાય. એવું જ્ઞાન છે, જે એકલું જ્ઞાન છે, શુદ્ધ જ્ઞાન છે એ શુદ્ધ જ્ઞાનની દશાની દિશા પર તરફ નથી. કેમકે જ્ઞાન છે એ જ્ઞાનમાં જ્ઞાનપણે અનુભવાય છે. જ્ઞાન જ્ઞાનપણે અનુભવાય છે ત્યાં એની દશાની દિશા સ્વ તરફ છે એમ જોવામાં આવે છે.

ખરેખર તો જ્ઞાનસ્વભાવ જે અંતર્મુખ છે, કેવું છે ? સ્વભાવજ્ઞાન કેવું છે ? કે અંતર્મુખ જેનો સ્વભાવ છે. એવા સ્વભાવથી જ્ઞાનને જોવાની અહીંયાં વાત છે. પણ એવો સ્વભાવ સીધો અવલોકનમાં ન આવે એટલે એને દિશાસૂચનથી બતાવ્યો છે. શું કહ્યું છે અહીંયાં ? કે જો ભાઈ! આ રાગની દિશા જે પર તરફની છે, એ તો વિભાવ છે. અને જ્ઞાનની દશાની દિશા પણ જો પર તરફ હોય તો તે પણ વિભાવ છે, તે પણ સ્વભાવ નથી. સ્વભાવ જે અંતર્મુખ છે, એવું જ્ઞાનનું સ્વરૂપ છે.

વિશેષજ્ઞાન, જે પરદિશાવાળા જ્ઞાનનો અંશ છે એવડો અને એટલો જ હું છું એમ મિથ્યાત્વના જોરમાં અનુભવ કરે છે. પણ જ્ઞાન એવડું પણ નથી. જ્ઞાનમાં જે જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણું જે જ્ઞાનસામાન્ય છે, જે સ્વભાવરૂપ છે અથવા જ્ઞાનમાં જે સ્વભાવ વ્યક્ત છે, જ્ઞાનની દશામાં જે પ્રગટ વ્યક્ત સ્વભાવ છે, એને દિશાથી તું જો તો એની દિશા પર તરફ નથી, એની દિશા સ્વ તરફ છે. પણ એમ ક્યારે જણાશે ? કે તું મોક્ષાર્થી થઈશ ત્યારે. મતિ સવળી હોય તો જણાય છે. એટલી મતિ સવળી થવી જોઈએ.

આચાર્ય મહારાજે મોક્ષાર્થીની વાત એટલા માટે અહીંયાં લીધી છે કે ભૂમિકાની નિર્મળતા ન હોય તો બુદ્ધિની પહોંચ આ વિષયમાં નહિ લાગે. ભલે બુદ્ધિ

ગમે તેટલી હશે. વિશાળ બુદ્ધિ હશે, તીક્ષ્ણ બુદ્ધિ હશે, સૂક્ષ્મ બુદ્ધિ હશે, તોપણ ભૂમિકાની નિર્મળતા એટલે કે મોક્ષાર્થીપણું એ ભેદજ્ઞાનના પ્રારંભ માટે અનિવાર્ય છે. એમ ને એમ ભેદજ્ઞાન થતું નથી. આ વાત છે. અને એ મોક્ષાર્થી માટે એને જે શરત મૂકી એ આટલી મૂકી કે કાંઈ જોઈતું નથી.

પરિપૂર્ણ શુદ્ધતા જોઈએ છે, પૂર્ણ શુદ્ધિ જોઈએ છે અને જરા પણ અશુદ્ધિ અને મલિનતા, કષાયનો કણ પણ ન જોઈએ, એવું ધ્યેય બાંધે છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિની જેને ભાવના અને ધ્યેય બંને સાથે છે. એને એમ કહે છે, કે જો તો ખરો અંદર. રાગની દિશા પર તરફ છે, જ્ઞાનની દિશા તો સ્વ તરફ છે. અને એને એ બરાબર જણાય છે, કે વાત તો જે કહે છે તેવી જ છે. વસ્તુસ્થિતિ તો તેવી જ છે.

જ્ઞાન છે એ જ્ઞાનમાં બીજાનું આવવું જેમ અશક્ય છે એમ જ્ઞાનનું પરમાં જવું પણ, પરમાં પ્રવેશ પામવું, પરને સ્પર્શવું એ અશક્ય છે. તો પછી જે એકલું જ્ઞાન છે, શુદ્ધ જ્ઞાન છે, માત્ર જ્ઞાન જેને કહેવામાં આવે છે, 'સમયસાર'માં જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... એમ જે કહ્યું, એની તો દશાની દિશા પણ સ્વ તરફ છે. એને દશાની દિશા પર તરફ છે એમ દેખાતું નથી.

એટલે જ્ઞાન અને રાગની જે બે અવસ્થા ધારાવાહીપણે ચાલે છે એમાં ભિન્ન પાડવાની પ્રજ્ઞાછીણી મારવી, એમ કહે છે. અનુભવ કરવા માટે **'બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી...'** એટલે કે બેની જુદાઈ છે એવું જ્ઞાન ઊભું કરવું.

મુમુક્ષુ :– અજ્ઞાનદશામાં જ્ઞાનની દિશા પર તરફ છે એ ભ્રમણા છે ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનની દિશા પર તરફ છે એમાં એ જ્ઞાનને સ્વભાવથી જોતો નથી. એનું જે મિથ્યાત્વના જોર સહિતનું પર તરફના વલણવાળું જ્ઞાન છે, જે જ્ઞાન પર બાજુ જોરથી ધસીને જાય છે. એટલું જ મારું સ્વરૂપ છે, એવું પકડીને બેઠો છે. તો કહે છે, કે એવો જ્ઞાનનો સ્વભાવ તો નથી. રોગ થાય તેથી એ કાંઈ શરીરનું સ્વભાવભૂત લક્ષણ નથી, સ્વરૂપ નથી, સ્વભાવભૂત અવસ્થા નથી. રોગ થાય છે એ સ્વભાવભૂત અવસ્થા નથી. એમ વિભાવજ્ઞાન છે એ કોઈ સ્વભાવજ્ઞાન નથી. જે જ્ઞાનને બતાવવા માગે છે એ તો સ્વભાવજ્ઞાનને બતાવવા માગે છે. સીધો સ્વભાવ ન પકડાય એટલે દિશાથી પકડાવા માગે છે.

આ તો એવું પૃથક્કરણ છે, કે સ્થૂળ ઉપરથી સૂક્ષ્મ... એનાથી સૂક્ષ્મ... એનાથી સૂક્ષ્મ... એનાથી સૂક્ષ્મ એમ અંદર લઈ જાય છે. જ્ઞાનમાં પણ જ્ઞાનમાં જે દશાની દિશા સ્વ તરફ છે એ પકડાય એટલા માટે એ વાત કરી. વાત તો સ્વભાવની કરવી છે કે જ્ઞાનનો જે સ્વભાવ છે એ તો અંતર્મુખ છે. અંતર્મુખ જે જ્ઞાનનો સ્વભાવ છે એ તો બહિર્મુખતાના પરિચયમાં અંતર્મુખપણું શું એ ખબર પડતી નથી. તો કહે છે, કે જ્ઞાન જ્ઞાનને વેદે તે જ્ઞાનનું અંતર્મુખપણું છે. જ્ઞાન, જ્ઞાનને વેદે તે જ્ઞાનનું સ્વસન્મુખપણું છે. અથવા જે જ્ઞાન સ્વપણે વેદાય તે આત્મા છે. લ્યો ઠીક ! આ તો 'ગુરુદેવ'નું વચન છે. આમાં જ છે.

સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે. બોલ-૭૩૩. છે ૭૩૩? **'પરદ્રવ્ય તરફની વૃત્તિ અશુભ હો કે શુભ– તે આત્મા નથી.'** શુભાશુભ પરદ્રવ્ય તરફની વૃત્તિ તો આત્મા નથી, પણ જ્ઞાનની પર તરફની વર્તવાની વૃત્તિ તે પણ આત્મા નથી. ઠીક. એ એમાં આવી જાય છે. **'પરદ્રવ્ય તરફની વૃત્તિ...'** ચારિત્રગુણની શુભાશુભરૂપે હો કે જ્ઞાનની હો, પર તરફનો ઝુકાવ એ આત્મા નથી.

**'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.'** આની અંદર મર્મ છે. **'સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.'** શું કહે છે ? જ્ઞાનમાં જ્ઞાનવેદન છે. જ્ઞાનમાં જ્ઞાનનુભવ છે કે બીજું કાંઈ છે? કેમકે બીજાને તો અંદર આવવાનો કોઈ અવકાશ નથી, ગુંજાઈશ નથી કે જ્ઞાનમાં બીજું કાંઈ આવી શકે. એ જે જ્ઞાનમાં જ્ઞાનવેદન છે એ જો સ્વપણે વેદાય તો એ જ આત્મા છે, એ જ સ્વસંવેદન છે, એ જ સ્વાનુભૂતિ છે, એ જ અંતર્મુખપણું છે, એ જ સમ્યગ્જ્ઞાન છે, એ જ સ્વસન્મુખ જ્ઞાન છે. પણ આ વિષય અનુભવની કળાનો છે. જ્ઞાનનો અનુભવ તો છે પણ જ્ઞાનનો વિપરીત અનુભવ છે. જ્ઞાનમાં જ્ઞાનના અનુભવની જે કળા, તે આત્માના અનુભવની કળા છે.

એટલે તો એ કહ્યું કે '**આવા જ્ઞાનના સ્વસંવેદનની કળા...**' આ પ્રકારે જ્ઞાનના સ્વસંવેદનની કળા '**તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા તે જ સાચી કળા છે. તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે. દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને...**' શુભાશુભરૂપ '**પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ...**' એટલે ભિન્નતાનો જ '**અભ્યાસ કરવા જેવો છે.**' છે કે નહિ ? '**સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.**' એવો ટુકડો છે. સૂત્ર જેવો ટુકડો છે. ૭૩૩ છે ને ? 'અનુભવ પ્રકાશ' (ના પ્રવચન) માંથી હશે. 'પ્રવચનસાગરના મોતી'માંથી છે. 'પ્રવચનસાગરના મોતી' નામનો એક ગ્રંથ આપણે ત્યાં પ્રકાશન થયેલો છે એમાં 'ગુરુદેવ'ના વચનો છે. એમાં એ વચનોમાંથી પસંદ કરેલું છે. એમાં આ પસંદગી બહુ સારી છે.

મુમુક્ષુ :– સ્વ તરફની જ દિશા હોય તો સમ્યગ્દર્શન થઈ ગયા પછી પરપ્રકાશકપણું કઈ રીતે ન પ્રતિભાસે ? પરપ્રકાશનો પ્રતિભાસ તો થાય કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે કે જ્ઞાનનું સ્વરૂપ સ્વપરપ્રકાશક છે. વ્યવહારથી અને નિશ્ચયથી 'નિયમસાર'ની ૧૭૯મી ગાથાનો એ વિષય છે, કે જ્ઞાન વ્યવહારથી પણ સ્વપરપ્રકાશક છે અને જ્ઞાન નિશ્ચયથી પણ સ્વપરપ્રકાશક છે. ત્યાં નિશ્ચયનો અર્થ એમ કર્યો છે, કે જ્ઞાન જ્ઞાનને પણ વેદે છે અને જ્ઞાન નિશ્ચય પરિણમનના કાળમાં, શુદ્ધ પરિણમનના કાળમાં આનંદને પણ વેદે છે. એવું 'નિયમસાર' શાસ્ત્રમાં અર્થઘટન કરેલું છે.

મુમુક્ષુ :– જ્ઞાનને પણ વેદે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન જ્ઞાનને પણ વેદે છે અને જ્ઞાન આનંદને પણ વેદે છે. જ્ઞાન તે સ્વ છે અને આનંદ તે પર છે. 'નિયમસાર'માં આ વિષય લીધો છે.

મુમુક્ષુ :– 'સમાધિતંત્ર'માં આવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'નિયમસાર'માં સ્પષ્ટ ગાથા છે. 'સમાધિતંત્ર'માં તો ક્યાં છે એ ખબર નથી, યાદ નથી કાંઈ. અહીંયાં તો એ વિષય Agenda ઉપર છે. શુદ્ધોપયોગ અધિકાર છે, શુદ્ધ ઉપયોગ અધિકાર છે. ૧૫૯ ગાથા, હોં! પહેલી ગાથા છે.

મુમુક્ષુ :– જ્ઞાન ભોક્તા તરીકે નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન અપેક્ષાએ કર્તા-ભોક્તા છે, અપેક્ષાએ કર્તા-ભોક્તા નથી. એની અપેક્ષા ભિન્ન-ભિન્ન છે. અહીંયાં આટલો જ પ્રશ્ન છે. ૩૨૦ પાનું છે. '**હવે 'સ્વાશ્રિતો નિશ્ચયઃ' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...**' શું કહે છે ? જ્ઞાનને નિરુપરાગ એટલે નિર્વિકાર, રાગરહિત '**નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે...**' એટલે રાગ વિનાનું જ્ઞાન જ્ઞાનમાં લીન છે ત્યારે '**નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.**' એનું સંસ્કૃત આ પ્રમાણે છે. '**अथ निश्चयपक्षेऽपि...**' '**નિશ્ચયપક્ષે પણ...**' 'પણ' શબ્દ વાપર્યોને ? એટલે વિચાર કર્યો કે આટલું વજન કેમ આપે છે ? મુળમાં પણ એ શબ્દ છે. '**अथ निश्चयपक्षेऽपि स्वपरप्रकाशकत्वस्त्येवेति...**' એવ એટલે જ. '**स्त्येवेति सततनिरुपरागनिरंजनस्वभावनिरत्वात्, स्वाश्रितो निश्चयः इति वचनात्।**' સ્વઆશ્રય તે નિશ્ચય એવું સૂત્ર વચન હોવાથી. સૂત્રનું આ વચન હોવાથી જ્ઞાનને '**નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપણે પણ સ્વપરપ્રકાશપણું છે જ.**' આમ લીધું. '**(તે આ પ્રમાણે :)**' કઈ રીતે ?

'**સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં...**' સહજજ્ઞાન છે એ આત્માથી સંજ્ઞા એટલે નામ દ્વારા, લક્ષણ એટલે લક્ષ લક્ષણના ભેદ દ્વારા અને પ્રયોજન અપેક્ષાએ ગુણને બતાવવું અને ગુણીને બતાવવું એવા પ્રયોજનની અપેક્ષાએ '**ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ)...**' આખા પદાર્થની અપેક્ષાએ '**ભિન્ન નથી; આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલાં)...**' જ્ઞાન આત્માથી ભિન્ન નહિ હોવાને લીધે. ભલે ભિન્ન કહેવાતું હોય તોપણ ભિન્ન નહિ હોવાને લીધે '**(આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે...**' એ બધા પર છે એમ કહે છે. એને પણ જાણે છે. '**અને સ્વાત્માને—કારણપરમાત્માના**

**સ્વરૂપને—પણ જાણે છે.'** આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે. આમ સ્વપરપ્રકાશકનું લીધું છે. આ નિર્વિકલ્પતાના કાળમાં લીધું છે.

નિર્વિકલ્પ જ્ઞાન જ્યારે છે ત્યારે પણ આ પ્રકારે આ અપેક્ષાએ સ્વપરપ્રકાશક છે. અને સવિકલ્પ સમ્યગ્જ્ઞાન છે ત્યારે તે સ્વને જાણતું પરને જાણી લ્યે છે. કેમ સ્વને જાણતું પરને જાણી લે છે? કે અનુભવમાં જેટલું સ્વ છે, તેમાં એકલું સ્વ છે અને પર કાંઈ નથી. જેમ આ મારું ઘર છે તેમાં ગામના પાંચ હજાર ઘર હોય તો મારા નથી. આટલું જ મારું ઘર છે. એમ જણાઈ ગયું. એમ પોતાના એકાકાર સ્વરૂપમાં, ભિન્ન સ્વરૂપમાં આટલું જ સ્વ છે એમ જણાતા, જગતના સર્વ અન્ય દ્રવ્યો આમાં નથી, એવું પરનું જ્ઞાન એની અંદર સમાહિત છે. સ્વમાં પરનું જ્ઞાન સમાહિત છે. તેથી એનું પરનું જાણવું ત્યાં કહેવામાં આવ્યું છે. ભલે પર ઉપર ઉપયોગ નથી તોપણ. નિર્વિકલ્પ અને સવિકલ્પ સર્વ અવસ્થામાં સ્વપરપ્રકાશકપણું છે.

મુમુક્ષુ :- એક ગાથા આગળમાં જ્ઞાન સ્વપરપ્રકાશક એટલી દૃષ્ટિ છે... એનો શું અર્થ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પછી આગળની વાત છે. દર્શન એમાં એક એવો વિષય ચાલ્યો છે ત્યાં, કે કોઈ એમ કહે છે કે દર્શન સ્વનું પ્રકાશક છે, જ્ઞાન પરનું પ્રકાશક છે. કહે છે કે એમ પણ નથી. એમ કહેવું છે. દર્શન પણ સ્વપરપ્રકાશક છે અને જ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે. દર્શન દર્શનની રીતે દેખે છે. જ્ઞાન, જ્ઞાનના ગુણે જાણે છે, દર્શન દર્શનના ગુણે દેખે છે. બસ, ત્યાં આટલો વિષય છે. કેમકે 'ધવલ'ની અંદર આ વિષય ચાલ્યો છે.

વેદાંતદર્શન છે એ દર્શનગુણને સ્વીકારતું નથી. ચૈતન્યને સ્વીકારે છે. વેદાંતદર્શન ચૈતન્યને સ્વીકારે છે પણ દર્શનને સ્વીકારતું નથી. જ્ઞાનને સ્વીકારે છે પણ દર્શનને સ્વીકારતું નથી. 'ધવલ'ની અંદર આ એક જબરજસ્ત વિષય ચાલ્યો છે. આ દર્શન અને જ્ઞાનને જુદાં પાડવા માટે ત્યાં 'વીરસેનસ્વામી'એ વાત ઉઠાવી છે કે દર્શન સ્વનું પ્રકાશક છે અને જ્ઞાન પરનું પ્રકાશક છે. એ આખી એક અન્યમતિની સામે બહુ મોટી ચર્ચા એમણે કરી છે. અને અનેક જગ્યાએ એ વાતને દર્શન સ્વપ્રકાશક અને જ્ઞાનને પરપ્રકાશકપણે લીધું છે.

એના ઉપરથી તો (એક મુમુક્ષુ) ધારણામાં ભૂલ્યા હતા, કે જ્ઞાન સ્વને જાણે નહિ. જ્ઞાન સ્વને જાણે નહિ. જુઓ ! 'વીરસેનસ્વામી' સ્પષ્ટ કહે છે. પછી એને આ 'નિયમસાર'ની ગાથાઓ બતાવી. કે દર્શન પણ સ્વપરપ્રકાશક છે, જ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે. તો કહ્યું, નહિ. 'ધવલ'નો વિષય સૂક્ષ્મ છે. આ વિષય સ્થૂળ છે. કેમકે ત્યાં કરણાનુયોગનો વિષય છે. કેવળજ્ઞાન અનુસાર કરણાનુયોગનો વિષય ચાલે છે. (મેં કહ્યું), એમ નથી. 'ધવલ'નો વિષય અન્યમતની સામે છે. શું કહ્યું ? 'ધવલ'નો વિષય અન્યમતની સામે છે અને 'નિયમસાર'નો વિષય અધ્યાત્મના આત્મહિત કરવાની અપેક્ષાથી છે. અધ્યાત્મપ્રધાનતાથી હોવાને લીધે આત્મહિતની પ્રધાનતાથી છે. ત્યાં અન્યમત એ દર્શનગુણને સ્વીકારતો નથી એનું કારણ કે દર્શનગુણનું જે પરિણમન છે એ એટલું સૂક્ષ્મ છે કે છદ્મસ્થને એ સાકારપણે અનુભવગોચર થતું નથી. એટલે એ સ્વીકારતા નથી. એના મતમાં એ વિષય નહિ આવવાનું કારણ આ છે. એ ક્યાંથી સ્વીકારશે ?

અહીંયાં તો છદ્મસ્થને તો દર્શનઉપયોગ પછી જ્ઞાનનો ઉપયોગ, મતિજ્ઞાનનો પહેલો શરૂ થાય, એમાં અવગ્રહ, ઇહા અને અવાય ઉપર આવે ત્યારે એને ખબર પડે, ખ્યાલમાં આવે કે હવે મને કાંઈક આ વિષય જણાય છે. ત્યાં સુધી તો એને શું જણાય છે એ મતિજ્ઞાનમાં પણ અવગ્રહ અને ઇહા સુધી તો ખબર પડતી નથી, ખ્યાલ પડતો નથી. આટલો સૂક્ષ્મ ભેદ કેવળજ્ઞાન અનુસારીણી વાણી હોવાથી એમાં આવ્યો છે. જ્ઞાનનો પણ આટલો, મતિજ્ઞાનનો આટલો સૂક્ષ્મ ભેદ છે. દર્શનને તો પકડે ક્યાંથી ?

એટલે એ લોકોએ દર્શનને ઉડાવ્યું છે, કે જૈનો એમ કહે છે, કે આત્મામાં ચૈતન્ય એટલે દર્શન અને જ્ઞાન એમ બે. તો કહે, એમ નહિ. ચૈતન્ય એટલે જ્ઞાન અને જ્ઞાન એટલે ચૈતન્ય. એ લોકો બ્રહ્મને સચ્ચિદાનંદ સ્વરૂપ કહે છે. બ્રહ્મને સચ્ચિદાનંદ સ્વરૂપ કહે છે. પ્રજ્ઞાનં બ્રહ્મ. ચાર વેદ છે એમાં એક વેદનું સૂત્ર જ એ છે,

કે બ્રહ્મ એટલે જ્ઞાનસ્વરૂપ. પ્રજ્ઞાનં બ્રહ્મ. એ એનું આખું સૂત્ર છે. આખા વેદનું એક સૂત્ર શું ? કે પ્રજ્ઞાનંબ્રહ્મ. તત્ત્વમસિ. બીજા સૂત્રનું. બીજા વેદનું સૂત્ર એ છે તત્ત્વમસિ. તે તું છો. એક વેદનું સૂત્ર એવું છે : અહં બ્રહ્માસ્મિ. હું બ્રહ્મસ્વરૂપ છું. એવા ચાર વેદના આવા સૂત્ર છે. લાગે એવું કે, શું બુદ્ધિથી પણ ક્યાં સુધી પહોંચ્યા છે ? અહં બ્રહ્માસ્મિ સુધી પહોંચ્યા છે. પ્રજ્ઞાનં બ્રહ્મ સુધી પહોંચ્યા છે. પણ છતાં જ્યાં યથાર્થપણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં આરૂઢ ન થાય, અને આત્માના વિષયમાં ક્ષયોપશમરૂપી બુદ્ધિ લગાવીને યદવા તદવા જ્યાં સુધી બુદ્ધિ પહોંચે ત્યાં સુધી નિરૂપણ કરે, પણ બીજો ગડબડ ગોટો અંદર ઊભો થયા વિના રહે નહિ. પણ આટલું તો સાચું કહે છે. કહે છે, કે ગાંડો માણસ થોડુંક ગાંડું બોલે એના ઉપરથી એ ડાહ્યો નથી. કેટલો ગાંડો એનું Meter પછી મૂકશું. પણ એ ડાહ્યો નથી એ વાત સ્પષ્ટ છે.

એમ સમ્યગ્જ્ઞાનની ઘણી વાતો આવે તોપણ એક વાત પણ મિથ્યાજ્ઞાનની આવે. હજારો વાતમાંથી, હોં ! ત્યારે એમ નિશ્ચિત થાય છે કે એ સમ્યગ્દૃષ્ટિ નથી, છે મિથ્યાદૃષ્ટિ. ધારણાથી તો સંભવિત છે. શાસ્ત્ર અભ્યાસ કરે, વિચારશક્તિ હોય, ચિંતનશક્તિ હોય સમ્યગ્જ્ઞાનીના શાસ્ત્રોનું અવગાહન હોય, ધારણા હોય, હજારો બોલ સમ્યગ્જ્ઞાની જેવા કહી શકે પણ એક જગ્યાએ ગડબડ થાય એટલે સમજવું કે બધામાં ગડબડ છે. એકેય વાત સાચી નથી.

મુમુક્ષુ :– આમાં એક બોલ એવો સ્વપ્રકાશકનો પાછલી ગાથામાં. એમાં શું હેતુ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– **'પરને જ જાણે જ્ઞાન તો દૃગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે, દર્શન નથી પરદ્રવ્યગત–એ માન્યતા તુજ હોઈને.'** (ગાથા–૧૬૨). જો દર્શન પરદ્રવ્યગત નથી, એવી જો તારી માન્યતા હોય તો દર્શન અને જ્ઞાન સર્વથા ભિન્ન ઠરશે. પણ એમ છે નહિ.

મુમુક્ષુ :– છે જ્ઞાન સ્વપ્રકાશક, તેથી દૃષ્ટિ છે...

પૂજ્ય ભાઈશ્રી :– એ પાછળ હશે.

**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ તેથી દૃષ્ટિ છે.**

'નિયમસાર'ની ૧૬૫ ગાથા છે. કે **'આ નિશ્ચયથી સ્વરૂપનું કથન છે. અહીં નિશ્ચયનયથી...'** જ્ઞાન સ્વપ્રકાશક છે તેથી દર્શનસ્વપ્રકાશક છે. નિશ્ચયનયથી આત્મા સ્વપ્રકાશક છે. જ્ઞાન સ્વપ્રકાશક હોય, જીવ સ્વપ્રકાશક હોય તો દર્શન પણ સ્વપ્રકાશક હોય. એમ દર્શનને અહીંયાં સિદ્ધ કરવું છે. દર્શન ઉપયોગને, હોં !

મુમુક્ષુ :– જ્ઞાન સ્વપ્રકાશક જ લીધું છે ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :– કહેવાનો મુદ્દો એ છે, કે દર્શનનું સ્વપ્રકાશકપણું અહીંયાં સિદ્ધ કરવું છે. જ્ઞાન દ્વારા અને જીવ દ્વારા. જ્ઞાનના સ્વપ્રકાશક દ્વારા અને જીવના સ્વપ્રકાશક દ્વારા.

**'અહીં નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે; તેવી રીતે સર્વ આવરણથી મુક્ત શુદ્ધ દર્શન પણ સ્વપ્રકાશક જ છે.'** દર્શન પણ સ્વપ્રકાશક છે. કેમકે જ્ઞાન પણ સ્વપ્રકાશક છે. એને કારણમાં જ્ઞાનને લઈ લીધું છે. **'આત્મા ખરેખર, તેણે સર્વ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી,...'** કેમકે ઇન્દ્રિય વ્યાપારરૂપ જે પરપ્રકાશકપણું છે એ સ્વભાવમાં નથી. **'સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે;...'** સ્વને જ વેદે છે, સ્વને જ અનુભવે છે એવું જે સ્વપ્રકાશકપણું તે તેનાથી તેનું સ્વરૂપ જણાય છે.

**'દર્શન પણ, તેણે બહિર્વિષયપણું છોડ્યું હોવાથી,...'** એના ઉપરથી આ વાત સિદ્ધ કરવી છે, કે **'દર્શન પણ, તેણે બહિર્વિષયપણું છોડ્યું હોવાથી, સ્વપ્રકાશકત્વપ્રધાન જ છે.'** મુખ્યપણે તે સ્વને પ્રકાશે છે. **'સ્વપ્રકાશકત્વપ્રધાન જ છે. આ રીતે સ્વરૂપપ્રત્યક્ષ-લક્ષણથી લક્ષિત અખંડ-સહજ-શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે, નિશ્ચયથી, ત્રિલોક-ત્રિકાળવર્તી સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વિષયો સંબંધી પ્રકાશ્ય-પ્રકાશકાદિ વિકલ્પોથી અતિ દૂર વર્તતો થકો, સ્વસ્વરૂપસંચેતન જેનું લક્ષણ છે એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે, આત્મા નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.'**

નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે. જેણે બાહ્ય અવલંબન નષ્ટ કર્યું છે. અહીંયાં નિષેધ શેનો છે ? કે બહિર્મુખ જે વલણ છે, જે જ્ઞાનની દશાની દિશા પર તરફ છે એનો નિષેધ છે. અને જે જ્ઞાન પરસત્તાને

અવલંબે છે એનો નિષેધ છે. નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશકજ્ઞાન છે. જેણે બાહ્ય આલંબન નષ્ટ કર્યું છે એવું સ્વપ્રકાશક જે સાક્ષાત્ દર્શન, તે રૂપ પણ આત્મા છે. એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે અને જે પુરાણ એટલે સનાતન છે એવો આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે. હવે, આ જે સ્વપરપ્રકાશકપણાનો વિષય છે એનો થોડોક Total સમજવા જેવો છે. થોડો વિષયાંતર થશે ચાલુ વિષયથી.

મુમુક્ષુ :— જ્ઞાન પણ સ્વપ્રકાશક, દર્શન પણ સ્વપ્રકાશક. દર્શન વેદકતાસ્વરૂપ અને જ્ઞાન પ્રકાશકતા સ્વરૂપ છે તો એ કઈ રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનમાં પણ વેદકતા તો છે. જ્ઞાનમાં, દર્શનમાં વેદકતા છે, જ્ઞાનમાં પણ વેદકતા છે, સુખમાં પણ વેદકતા છે.

મુમુક્ષુ :– જ્ઞાન અને દર્શન બન્નેને અભેદ સમજીએ તો ?

પૂજ્ય ભાઈશ્રી :– ગુણભેદે ભેદ છે. દર્શન, જ્ઞાનમાં વસ્તુભેદે ભેદ નથી.

મુમુક્ષુ :– ગુણભેદે ભેદ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ભેદ મર્યાદિત છે. ગુણભેદે ભેદ છે, વસ્તુભેદે ભેદ નથી. એમ છે. હવે અહીંયાં તો અમારે થોડો સ્વપ્રકાશકનો વિષય ચર્ચાસ્પદ થયો છે એટલે ભાઈએ એ વિષયનો પ્રશ્ન કાઢ્યો છે. જ્ઞાનને સ્વપરપ્રકાશકપણું છે કે નથી ? છે. હવે ક્યાંક એમ કહ્યું કે જ્ઞાન સ્વપ્રકાશક જ છે. તો અહીંયાં તો કહેવાનો હેતુ દર્શનનું સ્વપ્રકાશકપણું લેવું છે એટલે. અહીંયાં તો એટલો મર્યાદિત વિષય છે. પણ એ સિવાય પણ એક વિષય આવે છે. જ્ઞાનના સ્વપ્રકાશકપણાના વિષયમાં, કે જ્ઞાનનો પરના સ્વપરપ્રકાશક સ્વભાવને કારણે પરપદાર્થ સાથે જ્ઞાનનો સંપર્ક થાય છે. એટલે પરપદાર્થ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. એટલે પરપદાર્થનું અસ્તિત્વ અને પરપદાર્થ કેવો છે અને કેવો નહિ, એવું જ્ઞાન જાણે છે, કે આ પરપદાર્થ જીવંત છે, જીવ છે અને આ બીજો પરપદાર્થ અજીવ છે. પરપદાર્થનું સજીવપણું, અજીવપણું આદિ પ્રકારથી માંડીને એનું અસ્તિત્વ, હયાતી એ તો જો જ્ઞાનનું પરપ્રકાશકપણું હોય તો જ પ્રસિદ્ધ થાય છે. નહિતર એની પ્રસિદ્ધિ જ ન હોય શકે. જો જ્ઞાનનું પરપ્રકાશકપણું ન હોય તો છ દ્રવ્યની પ્રસિદ્ધિ ન હોઈ શકે. કેમકે પાંચ દ્રવ્ય તો અજીવ છે. અજીવ પાંચ દ્રવ્ય છે એમ જ્યારે અને તે અજીવ છે એમ જ્યારે પ્રસિદ્ધ થયું ત્યારે એ જ્ઞાનના પરપ્રકાશપણાને અનિવાર્યપણે જાહેર કરે છે, કે જેને નિવારી શકાતું નથી. પણ તારા પ્રયોજન માટે તારે એ પરનું પ્રકાશકપણું મુખ્ય કરવા જેવું નથી.

જ્યાં મુખ્ય ગૌણનો સવાલ છે ત્યાં જ્ઞાનનું જે અંતર્મુખપણું છે, અંતર્વેદનપણું છે એને મુખ્ય કરવા જેવું છે. એ અંતર્મુખપણામાં જ્ઞાનના બહિર્મુખપણાનો નિષેધ છે અને જ્ઞાનના પરસત્તાને અવલંબવાનો નિષેધ છે. હવે જ્ઞાનને સમજવામાં બહુ ફેર પડે છે. અને અધૂરી સમજણથી ઘણીવાર અનેક પ્રકારના વિકલ્પોના વમળ ઊભા થાય છે.

હવે જ્ઞાન છે એ જાણે છે એમાં પરને અવલંબ્યા વિના પણ જાણે એવું પણ જ્ઞાનનું સામર્થ્ય છે. અને પરને સન્મુખ થયા વિના પણ જાણે એવું પણ જ્ઞાનમાં સામર્થ્ય છે. સામાન્યપણે સંસારી જીવને, સંસારી જીવ પરસન્મુખ થઈ પરસત્તાને અવલંબીને પરને જાણે છે. અને એવા જાણવાના કાળમાં એનું સ્વપ્રકાશકપણું લુપ્ત પ્રાયઃ થાય છે, લોપાય જાય છે. ત્યારે એને હું સ્વપ્રકાશક છું એવું કાંઈ એને અનુભવનમાં, વેદનમાં, ખ્યાલમાં, સ્મૃતિમાં કાંઈ રહેતું નથી. એ તો એનું એકાંત પરપ્રકાશકપણું છે એમ અપેક્ષાએ કહેવામાં આવે છે. એ પણ મર્યાદિત વાત છે. કેમકે ત્યારે પણ એનું (વેદન) તિરોભૂતપણે છે, જ્ઞાનસામાન્યનું વેદન તિરોભૂતપણે ત્યારે પણ એને છે. નથી એમ નથી. પણ છતાં એમ કહેવાય છે. હવે એ તો મિથ્યાદૃષ્ટિની વાત થઈ.

જ્ઞાનની પ્રવૃત્તિ કરવાવાળા જીવોના ત્રણ ભેદ પાડીએ. એક મિથ્યાદૃષ્ટિ બાધકજીવો, એક સમ્યગ્દૃષ્ટિ સાધકજીવો અને એક કેવળી આદિ સિદ્ધ જીવો. ત્રણ ભેદ પાડીએ. તો જે બાધકજીવો છે એ તો સ્વપ્રકાશપણાને ચૂકીને એકાંતે પરપ્રકાશનમાં તન્મય હોવાથી પરસન્મુખ થઈને, પરતન્મય થઈને, પરમાં લીન થઈને, પરને

અવલંબીને પરને જાણે છે. આવું એનું એક જાણવાનું કાર્ય જ્ઞાનમાં થાય છે.

સમ્યગ્દષ્ટિને જ્ઞાન બે ભેદે પ્રવર્તે છે. એક સવિકલ્પ ઉપયોગરૂપે અને એક નિર્વિકલ્પ ઉપયોગરૂપે. છે ? બે પ્રકાર છે. જ્યારે એનો ઉપયોગ નિર્વિકલ્પ છે ત્યારે એનું પરસન્મુખપણું નથી અને પર અવલંબનપણું પણ નથી. પરાવલંબીપણું નથી. પરસત્તાનું અવલંબન પણ નથી અને પરસન્મુખપણું પણ નથી. તે ઉપયોગ સ્વસન્મુખ થયેલો છે અને એમાં સ્વસત્તાનું અવલંબન છે. ત્યારે તે જ્ઞાન સ્વપ્રકાશક છે એમ સ્વની મુખ્યતાથી કહેવાય છે. છતાં તે જ્ઞાન ત્યારે પણ સ્વપરપ્રકાશક છે. કેમકે સ્વમાં પર નથી એવું જ્ઞાન ત્યારે એને થઈ ગયું. આટલો સ્વ છે અને એમાં સમસ્ત પરનો અભાવ છે એવું એને જ્ઞાન થયું. વિચાર વિના, નિર્વિકલ્પપણે, વિકલ્પ વિના.

એ જ સમ્યગ્દષ્ટિનો સવિકલ્પ ઉપયોગ છે ત્યારે પણ તે જ્ઞાન સ્વપરપ્રકાશક છે. સ્વપ્રકાશક પણ છે અને પરપ્રકાશક પણ છે. સ્વપ્રકાશક કેમ છે ? કે ત્યારે પણ એની પરિણતિ, જ્ઞાનની પરિણતિ આત્મા સાથે અભેદ લપેટ થઈને પરિણમે છે. જેમ આત્માના પ્રકાશવું છે એવું આંશિક સ્વસત્તાનું અવલંબન છે. અને સવિકલ્પ દશામાં જે ઉપયોગ શુભાશુભ વિષયમાં બહાર ગયો, ત્યાં પરસન્મુખપણું થયું, પરસત્તાનું અવલંબન થયું અને પરનું જાણવું થયું તે પરપ્રકાશકપણું છે. સ્વપરપ્રકાશક એક જ સમયની પર્યાય છે ત્યાં. પણ ત્યાં પરસન્મુખ અને પરસત્તાઅવલંબી હોવા છતાં મિથ્યાદષ્ટિની જેમ તન્મય થતો નથી. મિથ્યાદષ્ટિ જેમ પરને અવલંબે અને પરને જાણે છે એ પ્રકારે તન્મય થતો નથી. મર્યાદિત રીતે તન્મય થાય છે. અવલંબન પણ મર્યાદિત આવે છે. એટલે કે સ્વસત્તાનું અવલંબન છોડ્યા વિના આંશિકપણે પરસત્તાનું અવલંબન છે. પણ તન્મયપણું નથી, લીનપણું નથી. પરસત્તાનું ભિન્નપણું ત્યાં એને જણાય છે. અને પરસન્મુખ થઈને, પરને અવલંબીને સ્વવિકલ્પમાં જાણે છે, છતાં લીનપણું કે તન્મયપણું એને નથી.

જેમ નોકર શેઠના Favour માં બીજાની સાથે શેઠ થઈને વાત કરે. બિલકુલ મારે આમ વેપાર નથી કરવો એમ કહે. અને શેઠ ઢીલું મૂકે તો કોઈવાર આંખ કાઢીને કહે, બેસી રહો તમે છાનામાના. તમને ખબર ન પડે. આ તમારું કામ નથી, અત્યારે આની સાથે વાત કરવાનું મારું કામ છે. એમ કહી દે. શું કહે ? શેઠ સમજે, કે આ મારા હિતની વાત કરે છે. મને દબડાવતો નથી પણ મારા હિતની વાત કરે છે. છતાં એને (નોકરને) ખાતરી છે કે આ મારું નથી.

એવું સાધકદશામાં જ્ઞાન પ્રવર્તે છે. અને કેવળી થાય છે ત્યારે નિરવશેષ અંતર્મુખ છે. અરિહંતો અને સિદ્ધો નિરવશેષ અંતર્મુખ છે. ત્યારે પણ એનું જ્ઞાન સ્વપરપ્રકાશક છે. પોતાના સ્વરૂપને પરિપૂર્ણ રીતે અવલંબીને જાણે છે. એક અંશે પણ પરસન્મુખ થતું નથી અને પરસત્તાને અવલંબતું નથી, છતાં લોકાલોકને જાણે છે. કેમકે એના જ્ઞાનમાં લોકાલોક પ્રતિબિંબિત થાય છે, જણાય છે. અનાદિઅનંત લોકાલોકને જાણે છે (એટલું જ) નહિ, અનાદિ-અનંત પર્યાયો સહિત લોકાલોકને જાણે છે એવું એ સ્વપરપ્રકાશપણું ત્યાં છે. એમ લેવું.

આવું જ્ઞાનનું ભિન્ન-ભિન્ન અવસ્થાઓમાં ભિન્ન-ભિન્ન પ્રકારે પરિણમનનું સ્વરૂપ છે. એને જેમ છે એમ ન જાણે અને અધકચરું જાણીને પછી વાદવિવાદમાં ઉતરવાનું થાય, તો એમાંથી બીજા નવા ગોટા ઊભા થાય. પહેલા તો કોઈ સ્વપરપ્રકાશકની ચર્ચા કરે ત્યારે પૂછવું પડે કે આ ત્રણમાંથી આપણે કયા ભેદથી શરૂઆત કરવી છે એ કહો. જો તમે સ્વપરપ્રકાશકનો વિષય છેડતા હો તો પહેલા આ ત્રણમાંથી ક્યા ભેદથી આપણે જ્ઞાનને વિચારવું છે ? તમે મિથ્યાદષ્ટિનું જ્ઞાન લેવા માગો છો ? તમે સમ્યગ્દષ્ટિનું જ્ઞાન લેવા માગો છો ? સમ્યગ્દષ્ટિના સવિકલ્પજ્ઞાનને વિચારવા માગો છો ? કે નિર્વિકલ્પ ઉપયોગને વિચારવા માગો છો ? કે કેવળીના જ્ઞાનની અહીં વાત છે. શું છે ? પછી આપણે આગળ ચાલીએ. નહિતર તમારી-પ્રશ્નવાળાની કલ્પનામાં વાત કાંઈક અને ઉત્તરવાળાની કલ્પનામાં વાત કાંઈક. પછી મેળ ખાય નહિ એટલે જુદાં પડે છે એવું લાગે. પહેલા તો આ ચોખવટ કરવી જોઈએ. કે આપણે કઈ સ્થિતિની, જ્ઞાનની કઈ સ્થિતિની વાત કરવી છે ?

પછી એનું સ્પષ્ટીકરણ-સ્પષ્ટ થાય. હવે કહો, આ ત્રણમાંથી તમારો પ્રશ્ન કાઢો. જ્યાંથી પ્રશ્ન હોય ત્યાંથી. આ સ્વપરપ્રકાશકની ભૂમિકા છે. સાંગોપાંગ વિષયને સમજ્યા વિના ગડબડ ગોટા કરવાનો કાંઈ અર્થ નથી.

મુમુક્ષુ :- પ્રશ્ન તો એમ છે સાહેબ કે મિથ્યાદૃષ્ટિ સમ્યક્સન્મુખ થાય ત્યારે એને સ્વપરપ્રકાશપણું પોતે બંને ધારે તો એને બળ ન આવે માટે સ્વપ્રકાશક કહ્યો એવી રીતે વિધાન લઈએ તો શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એમ છે, કે પર સાથેનો સંબંધ તોડવો છે, પરથી જુદાં પડવું છે એને પરને પ્રકાશવાવાળો જ્ઞાનનો જે પ્રકાર છે કે જે પર સાથે સંપર્ક છે એની પક્કડ કરવાની, એની ઉપર વજન દેવાનું એને માટે હિતાવહ નથી. એટલી વાત ચોક્કસ છે. એ એને માટે હિતાવહ નથી. તો એ તો ઠીક છે, એ તો ન્યાયસંગત વાત છે.

મુમુક્ષુ :- વાત આટલી સ્પષ્ટ ન હોય અને જ્ઞાન પરપ્રકાશક નથી...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં તો જ્યાં સુધી આ વિષયનો સાંગોપાંગ વિચાર ન હોય ત્યાં સુધી કાંઈને કાંઈ ગોટો ઊપડ્યા વિના રહે નહિ, નહિ ને નહિ. થાય જ. કેમકે આટલો આ વિશાળ વિષય છે. આ તો ઉપર ઉપરથી સ્થૂળપણે લીધો. એની સૂક્ષ્મતામાં જાવ તો હજી ઘણી સૂક્ષ્મતા છે. હવે એ સૂક્ષ્મતા સહિત આખો સાંગોપાંગ વિષયને વિચારી લેવો જોઈએ. તો ક્યાંય એના વિધાનમાં, એના વિચારમાં, એના વિકલ્પમાં બીજો વિપર્યાસ ઉત્પન્ન થાય નહિ અને નહિતર થયા વિના રહે નહિ. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- આ બધો વિપર્યાસ મોક્ષાર્થીપણાના અભાવમાં ઉત્પન્ન થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે જ. પહેલો પાયો નાખ્યો છે. ૧૭-૧૮ ગાથાનો પાયો આ નાખ્યો છે. ભેદજ્ઞાન જે છે એ મોક્ષાર્થીપણા વિના નહિ થાય. અને મોક્ષાર્થીપણું થયા વિના ભેદજ્ઞાનને તું કરવા ધારે તો કેમ થશે ? કોઈ રીતે એ થઈ શકશે નહિ. પાયા વિનાનું ચણતર એ ખરેખર ચણતર જ નથી. એને ચણતર કહી શકાય નહિ.

મુમુક્ષુ :- સ્વપરપ્રકાશકનો ૧૮મો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વપરપ્રકાશકના વિષયમાં ભિન્ન-ભિન્ન જ્યાએ ભિન્ન-ભિન્ન કથનો આવવાના. હવે જેને આ વિષયનો વિચાર કરવો છે એમાંથી પહેલું આ પકડવું જોઈએ કે આ ત્રણમાંથી કયા ભેદની અહીંયાં વાત ચાલે છે ? એટલે એની એક મર્યાદા ઊભી થશે. અને પછી એને... કથન આવશે, ક્યાંય ને ક્યાંય સ્વપરપ્રકાશકનું કથન તો શાસ્ત્રમાં આવવાનું અને સ્વપ્રકાશકનું પણ કથન આવવાનું અને સ્વપરપ્રકાશકનું પણ કથન આવવાનું. બેય કથન આવવાના. તો હવે આ ત્રણ ભેદમાંથી ક્યાંથી વાત ચાલે છે ? એ તો પહેલા સમજવું પડશે. કોઈ કેવળીની વાત ચાલે છે ? કોઈ સાધકની વાત ચાલે છે કે કોઈ બાધકની વાત ચાલે છે ? કઈ ચાલે છે ? પછી જ ચોખ્ખું થશે. નહિતર કોઈ એક વાત ધારી લે તો એ વાત પણ યોગ્ય નથી.

(૧૮મો બોલ.) **'આત્માનું જ્ઞાન સ્વપરપ્રકાશક હોવાથી તેના અનુભવના કાળમાં પણ...'** એટલે જ્ઞાન જ્ઞાનને અનુભવે છે ત્યારે **'પણ તે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનને પણ પ્રકાશે છે અને આનંદને પણ પ્રકાશે છે. તેથી તેને નિશ્ચયથી સ્વપરપ્રકાશક કહેવાય છે.'** હવે એ આનંદ આત્માથી અભેદ હોવાથી, એને પરમાં ન લ્યો અને આખા આત્માને એ જ્ઞાન અનુભવે છે તો એ જ્ઞાન સ્વપ્રકાશક છે એમ કહેવાય છે. એને ને એને સ્વપરપ્રકાશક કહેવાય અને એને ને એને સ્વપ્રકાશક કહેવાય. એમાં વાતનો શું ઝઘડો છે ? કે વાતનો કોઈ ઝઘડો કરવા જેવું છે નહિ. કહેવા ત્યાં શું ધારે છે એટલું તો પકડવું જોઈએ ને ? એમ ધારે કે એને અભેદ કરીને સ્વપ્રકાશક કહી દીધું. (પછી કહે), જુઓ! અહીંયાં સ્વપ્રકાશક કીધું છે. પરપ્રકાશક ન લેવું જોઈએ. એમ નથી. પરપ્રકાશકપણું હોય ત્યાં પરપ્રકાશકપણું લેવું જોઈએ. સ્વપ્રકાશકપણું હોય ત્યાં સ્વપ્રકાશકપણું લેવું જોઈએ અને સ્વપરપ્રકાશકપણું કહ્યું હોય ત્યાં તે લેવું જોઈએ. એમ જ્યાં જે છે એ સમજવું જોઈએ કે એમ ને એમ...

મુમુક્ષુ :- આ સમ્યગ્દષ્ટિની અપેક્ષા લીધી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અહીંયાં સાધકની વાત છે. કેમકે સાધક આનંદને અનુભવે છે ને ? તેના અનુભવનમાં-સ્વના અનુભવનમાં આનંદનું પણ અનુભવન છે. એને ભેદ પાડીને આનંદને પરમાં નાખ્યો.

મુમુક્ષુ :- હવે એક પ્રશ્ન છે કે જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. જ્યારે જ્યારે જીવ અવલોકન કરે ત્યારે તો એ કોઈપણ ઇન્દ્રિયના સંબંધવાળો છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અહીંયાં પાયો બાંધ્યો, કે કોઈ જીવ મોક્ષાર્થી થયા વિના જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે એમ સમજી શકશે નહિ. ઠીક ! આટલી શરત છે. કહે છે ને ? ભાઈ ! તમારે આ જોવું હોય તો પહેલા એની ટિકિટ આપી દો. પછી તમને બતાડીએ.

મુમુક્ષુ :- મોક્ષાર્થી એ ટિકિટ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રવેશ તો ક્યારે મળે છે ? કે એની ટિકિટ ખરીદો ત્યારે મળે છે. હવે કહે છે, કે **'જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે.'** એમ કોણ જોવે છે ? કે મોક્ષાર્થી જોવે છે. સંસારાર્થી એમ જોઈ શકતો નથી. આ છે. છે કે નહિ એ વળી બીજી વાત છે. પણ એ જોઈ શકતો નથી એટલે એના માટે એ નથી. જોઈ શકે છે એના માટે છે. છે એ જોઈ શકે છે ને ? જો **'જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે...'** તો મોક્ષાર્થી તેને જોઈ શકે છે. જ્ઞાની જોઈ શકે છે એ તો પ્રશ્ન જ રહેતો નથી. પણ મોક્ષાર્થી પણ જોઈ શકે છે. આટલી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાની થયા પહેલા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાની થયા પહેલા, પહેલા અને પહેલા. છે ને પણ શાસ્ત્રમાં લીધું છે કે નહિ ? 'ગુરુદેવ' બોલ્યા છે. ભલે મૂળ શાસ્ત્રમાં એ દશાની દિશાની વાત ન હોય, પણ એ વિષયને ખોલતી વખતે 'ગુરુદેવે' આ વાત કરી છે. ખોલીને આ વાત કરી છે. જો ભાઈ ! મોક્ષાર્થી તું થા અને તારે ભેદજ્ઞાનમાં કુશળતા, નિપુણતા, પ્રવિણતા પ્રાપ્ત કરવી હોય તો રાગ તો પરઅભિલાષસ્વરૂપ હોવાથી. કોઈપણ રાગ, તમામ રાગ પરઅભિલાષસ્વરૂપ હોવાથી એની દશા ને દિશા પર તરફ જ છે. પણ જ્ઞાન સ્વરૂપે એવું નથી. જ્ઞાનને જ્ઞાનના સ્વરૂપથી જોવામાં આવે, માત્ર જ્ઞાનને જોવામાં આવે. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણું જોવામાં આવે તો એ જ્ઞાનની દશાની દિશા પર તરફ નથી. જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે.

તું એમ કહીશ, કે અમને એમ લાગતું નથી. તો એનું કારણ છે. અમને ખબર છે તને કેમ એમ લાગતું નથી. જે મોક્ષાર્થીપણામાં આવીને અવલોકન કરવું જોઈએ એ અવલોકન તું કરતો નથી. તારું અત્યાર સુધીનું જે જોર છે, પર બાજુ ધસેલા જ્ઞાનનું તારું જોર છે, પર સંબંધિત જ્ઞાનનું તારું જોર છે એને ખ્યાલમાં લઈને તું એમ કહે છે કે જ્ઞાનની દશાની દિશા તો પર તરફ છે. આ વાત કાંઈ અમને બેસતી નથી. તો એમ તો નહિ બેસે. આ વાત સમજવા અને બેસાડવા માટે પણ મોક્ષાર્થી થવું અનિવાર્ય છે. નહિતર સમજણમાં પણ, સમજણની ભૂમિકામાં યથાર્થતા આવતી નથી. એ અયથાર્થ સમજણથી પછી ગમે તેટલા વાદવિવાદ કરે એનો કાંઈ (અર્થ નથી). 'વાદ વિવાદ કરે સો અંધા.' એક તો આંધળો છે, વસ્તુને જોઈ નથી અને વાદવિવાદ કરે. એને કહે છે, કે સહજ પરિણતિ ઉત્પન્ન થયા વિના અને એ સહજનો ધંધો છે એ થયા વિના સ્વમતિ સાથે કે અન્યમતિ સાથે વાદવિવાદ તો કરવા જેવો નથી. અન્યમતિ સાથે કરવા જેવો નથી અને સ્વમતિ સાથે પણ કરવા જેવો નથી. એ તો 'નિયમસાર'માં લીધું છે.

આમાં બધા પ્રશ્નો પતી ગયા. એક મોક્ષાર્થીની વાત આવી ત્યાં. કેમ દેખાતું નથી ? કેમ દેખાતું નથી ? એ પ્રશ્ન થાય ને ? પણ પહેલા આ મોક્ષાર્થીપણું તો લાવ. પછી દેખાવાની વાત છે. એ પહેલા તારે જોવું હોય તો એ જોવાનો પ્રયત્ન અનુચિત છે. સીધું દેખાશે નહિ. ચશ્મા રંગીન ચડાવવા છે અને રંગ વગરનું જોવું છે. નહિ દેખાય. એ તો તારે નિર્મળ સ્વચ્છ પારદર્શક કાચ રાખવા રહ્યા, બીજો તો એમાં રસ્તો નથી.

મોક્ષાર્થીને ભૂમિકાની નિર્મળતા થાય છે. ત્યાંથી એનું અવળું ફરીને સવળું થવું એવું ફરવું થાય છે. ત્યાં સુધી ફેરફાર થવો કોઈ રીતે સંભવિત નથી. કોઈ ક્રિયાએ તો સંભવિત નથી પણ શાસ્ત્રજ્ઞાને પણ સંભવિત નથી. એટલી વાત છે.

અહીં જે પ્રજ્ઞાછીણીની વાત છે એ તો આ રીતે

છે, કે **'એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી...'** આ પ્રજ્ઞાછીણીનો શબ્દપ્રયોગ આચાર્ય મહારાજે ('સમયસાર'માં) 'મોક્ષ અધિકાર'માં કર્યો છે. અને 'મોક્ષ અધિકાર'માં પણ ભેદવિજ્ઞાનનો વિષય ત્યાં ચાલ્યો છે અને કહ્યો છે. ત્યાં મોક્ષનો વિષય નથી ચાલ્યો. મોક્ષનું કારણ જે ભેદવિજ્ઞાન છે એનો વિષય ત્યાં ચાલ્યો છે. ત્યાં પ્રજ્ઞાછીણીનો પ્રયોગ કર્યો છે.

પ્રજ્ઞાછીણી. છીણી છે એ એક ઘાએ બે કટકા કરે છે અને કરવત છે તે વારંવાર કાપીને કટકા કરે છે. એમ છે. અહીંયાં છીણીની વાત લીધી છે. છીણી એટલે જે જ્ઞાનની દિશા અંતર્મુખ વળે એને અહીંયાં પ્રજ્ઞાછીણી (કહે છે). પ્રજ્ઞા એટલે જ્ઞાન. જે જ્ઞાનની પર્યાય અંતર્મુખ વળે, એ અંતર્મુખ થયેલી જ્ઞાનની પર્યાય ધડાક દઈને રાગથી જુદી પડે છે એટલે એને પ્રજ્ઞાછીણી એમ કહેવામાં આવે છે.

જ્ઞાન અને રાગ વચ્ચે પ્રજ્ઞાછીણી મારવી, એમ ત્યાં વાત છે. પણ અહીં તો જે જ્ઞાન અંતર્મુખ વળે છે તે જ જ્ઞાન પ્રજ્ઞાછીણી સ્વરૂપ છે. જ્ઞાનને જ પ્રજ્ઞાછીણી કહી છે. પ્રજ્ઞા–પ્રજ્ઞારૂપી છીણી. છીણીને જ જ્ઞાનની ઉપમા આપી છે. એમાં જે જ્ઞાન આ બાજુ રાગ સાથે જોડાતું હતું એ સ્વસન્મુખ થયું. એણે રાગ અને જ્ઞાન વચ્ચે પ્રજ્ઞાછીણી મારી એમ કહેવામાં આવે છે. અંતરંગનો ભેદજ્ઞાનનો એ સૂક્ષ્મ વિષય છે.

અહીંયાં સુધી રાખીએ.

---

***(પૂજ્ય શશીભાઈ દ્વારા લિખિત વચનામૃતો...)***

તીવ્ર રસે કરીને પરમાં સ્વપણું થઈ જાય ત્યારે 'પાત્રજીવને' ગભરાટ ઉત્પન્ન થઈ આવે છે. જેમ બહુ મોટો ગુન્હો / નુકસાન થતાં ગભરાટ થાય તેમ. (૧૦)

f

ૐ

ભેદજ્ઞાનની વિધિ : પૂર્વકર્મ અનુસાર શુભાશુભ ભાવ અને ક્રમશઃ ઉદયપ્રસંગ છે; તે સર્વથી હું જ્ઞાનમયપણે હોવાને લીધે ભિન્ન છું, તેમ સમભાવે 'સ્વને જ્ઞાનરૂપે વેદવું'. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે આ પ્રકારે અભ્યાસવા યોગ્ય છે. જ્ઞાનથી / સ્વથી રાગનું ભિન્નપણું અનુભવવામાં / થવામાં, જ્ઞાનથી જ્ઞાનનું / સ્વનું એકત્વ થવું તે મુખ્ય છે. જ્ઞાનમાં સ્વ અસ્તિત્વનું ગ્રહણ વેદનથી થતાં ચિદ્રસ ઉત્પન્ન થાય. સહેજે આ ચિદ્રસ પરિણતિમાં જઈને ભળે છે.

જ્યાં જ્ઞાનગુણ છે, ત્યાં અનંતગુણ છે. જ્યાં જ્યાં જ્ઞાન પર્યાય છે, ત્યાં અનંતગુણની પર્યાય છે. જ્ઞાન ક્રિયાના આધારે જ્ઞાન રહેલ છે. ત્યાં 'માત્રજ્ઞાન' માં - 'જ્ઞાનમાત્ર' હું પણાના વેદનમાં વિભાવનો અભાવ લક્ષિત થાય છે. રાગાદિથી જ્ઞાનની - પોતાની ભિન્નતા વેદનથી અનુભવવાનો પ્રયાસ / અભ્યાસ વારંવાર ઉક્ત પ્રકારે કરવા યોગ્ય છે. (૧૧)

f

'હું જ્ઞાનમાત્ર છું' તેવા ભાવે અંતર્ સાવધાની છે. તેમ સાવધાની થતાં અન્યભાવ સહજ રોકાય. જ્ઞાનદશામાં - જ્ઞાનચેતનામાં નિરંતર આવી નિર્વિકલ્પ જાગૃતિ છે; તેવી દશા થવાને અર્થે મુમુક્ષુજીવને પણ સવિકલ્પ જાગૃતિ ઉત્પન્ન હોય છે. સંક્ષેપમાં આ જાગૃતિ તે જ વાસ્તવિક મુમુક્ષુતા છે. સત્પુરુષના યોગે તે સહજપણે ઉત્પન્ન થવા યોગ્ય છે. (૧૨)

f

ઉદય અને ઉદયભાવમાં જીવ ઓતપ્રોત / તન્મય રહ્યા કરે છે - અત્યંત મમત્વ કરે છે, ત્યાં જાગૃતિનો અભાવ વર્તે છે. (૧૩)

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

મે-૧૯૮૫

મુમુક્ષુજીવે પોતાનું યોગ્યપણું થાય તેની વિચારણા કરવી, જેનું મુખ્ય સાધન આત્મલક્ષપૂર્વક સત્સંગ છે. (૧)

❉

સમાધિમરણ સમાધિ જીવનને લઈને થાય છે. જેને સમાધિમરણ થાય છે તેને ભવાંતરમાં સમાધિ જીવન પ્રાપ્ત થાય / હોય છે. - તે નિઃશંક છે. (૨)

❉

આત્મરસ / જ્ઞાનરસના અભાવમાં પુણ્યનો રસ અથવા ક્ષયોપશમનો રસ તીવ્ર થયા વિના રહેતો નથી; જે પાપાનુબંધી પરિણામો છે, તેથી જ્ઞાની પુણ્યોદય / પ્રશસ્તભાવો (અનુકૂળતા) - ક્ષયોપશમાદિ પ્રત્યે ઉદાસ છે, અને પ્રતિકૂળતામાં પુરુષાર્થ સહજ વધારે છે - વધે છે. (૩)

❉

દેહાત્મબુદ્ધિ તીવ્ર થતાં ચિંતાને લીધે જ્યોતિષાદિ પ્રત્યે જીવ વળે છે, તે આત્મભાવના વિરુદ્ધ છે. આત્માર્થીને દેહાદિ સંયોગની એવી ચિંતા હોય નહિ કે જેથી આત્મભાવનાનો નાશ થાય. (૪)

❉

આત્માને અહિતરૂપ ભાવો થતાં ગભરાટ થાય તે પાત્રતાનું લક્ષણ છે. (૫)

❉

(તત્ત્વદષ્ટિના અભાવમાં) જગતની રચના જીવને મૂંઝવણ, આકુળતા અને અસમાધાન થાય અથવા અસત્યનો આગ્રહ થાય તેવી છે. (૬)

❉

અનંતકાળથી સ્વરૂપનો (સ્વભાવનો) પરિચય ન હોવાથી વિભાવ સહજ થઈ ગયો છે. તેથી સુદીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી 'બોધ ભૂમિકાનું' સેવન થતાં, 'વિભાવની સાધારણતા' ટળે અને સ્વરૂપની સાવધાની આવે. (શ્રીમદ્જી) (૭)

❉

કોઈપણ ઉદયપ્રસંગમાં તીવ્ર રસે કરીને ન પ્રવર્તાય અથવા વધારે ચિંતાપૂર્વક ન પ્રવર્તાય તેમ કરવું અથવા થવું તે જ્ઞાનીના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. તે ત્યારે જ થઈ શકે કે સર્વ ઉદયપ્રસંગો 'આત્માથી સૌ હીન / ભિન્ન' નિશ્ચિત થયા હોય અને તેની કિંમત અભિપ્રાયમાંથી ગઈ હોય, નહિ તો ઉદયભાવનો રસ ઊપજ્યા વિના રહેતો નથી; કે જે આત્મરસનો પ્રતિબંધક છે. વિભાવરસ સ્વભાવરસને ઊપજવા દેતો નથી. (૮)

❉

શાસ્ત્રની ધારણારૂપ જ્ઞાનથી હિત સધાતું નથી, અનુભવજ્ઞાનથી હિત સધાય છે. (૯)

❉

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૩ ઉપર)**



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિના વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

હું ખૂદ જ વર્તમાનમાં ભગવાન છું. (તેમાં) ભગવાન થવું પણ ક્યાં છે ? પોતાના સ્વભાવમાં દૃષ્ટિનો પ્રસાર થતાં, પર્યાય પોતાની તરફ ઝૂકતાં ઝૂકતાં પર્યાયમાં કેવળજ્ઞાન–સિદ્ધ દશા આદિ થશે જ. મારે તો તેનાથી પણ પ્રયોજન (દૃષ્ટિ) નથી. (૨૩)

❈

વિભાવ તો મારાથી બહુ જ દૂર છે. અહીં તો પરિણામ (શુદ્ધપર્યાય) પણ મારાથી ભિન્ન છે, હું તો અપરિણામી છું. એક સમયના પરિણામની સાથે વહેતો નથી. (૨૬)

❈

હું (ત્રિકાળી) પરિણામમાં જતો નથી. (ત્રિકાળી સ્વભાવમાં અહંપણું થતાં) પરિણામ સહજ જ મારી તરફ આવે છે. (૨૯)

❈

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારે કાંઈ કરવું–ધરવું છે જ નહિ, એવી દૃષ્ટિ થતાં, પરિણામમાં આનંદનો અંશ પ્રગટ થાય છે, અને વધતાં વધતાં પૂર્ણતા થઈ જાય છે. (૩૦)

❈

દૃષ્ટિનું વિષયભૂત દ્રવ્ય એકાંતે કૂટસ્થ જ છે. પર્યાય અપેક્ષાએ પર્યાય એકાંત અનિત્ય જ છે. (– યહ સમ્યક્ એકાંત છે.) (૩૨)

❈

હું તો ક્યારેય પણ ખસું નહીં, એવો ખૂટો છું. પરિણામ આવે છે અને જાય છે. પરંતુ હું તો ખૂંટાની જેમ અચલિત જ રહું છું. (૪૦)

❈

હું તો અડગ છું, કોઈથી ડગવાવાળો નથી. જેમ આ દેહાકારમાં સ્થિત આકાશ અડગ છે, હાલતું ચાલતું નથી, તેમ હું પણ અડગ છું. (૫૦)

❈

ચૈતન્ય ગાંસડી હું જ છું, એવી પક્કડ થઈ જવાથી મતિ–શ્રુતજ્ઞાન અંતરમાં ઢળી જાય છે. તેથી અંતરમાં ઢળવાનું (ઉપદેશમાં) કહેવામાં આવે છે. (૫૩)

❈

હું વર્તમાનમાં જ સમજણનો પિંડ છું. (૫૪)

❈

પ્રશ્ન :– શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો, પ્રયત્ન કરવો તે વાત આવે છે ?

ઉત્તર :– પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે, પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય ! હું તો પર્યાયમાત્રથી ભિન્ન છું. પ્રયત્ન શું કરું ! સહજરૂપ થાય છે. પ્રયત્ન વગેરેનું 'થવું' પર્યાયનો સ્વભાવ છે. હું તેમાં ન આવું છું, ન જાઉં છું, હું ત્રિકાળી છું, એવી દૃષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે. (૭૧)

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– સાધક અને જિજ્ઞાસાવાળા માટે માર્ગ એક જ છે ?

સમાધાન :– સાધકને માટે અને જિજ્ઞાસુને માટે એક જ માર્ગ છે. જિજ્ઞાસુએ પણ ધ્યેય એક રાખવાનું. આત્માર્થીને ધ્યેય એક જ હોવું જોઈએ કે કેવી રીતે સમ્યગ્દર્શન પ્રગટ થાય ? સમ્યગ્દષ્ટિને આત્માનો આશ્રય હોય તે મને કેમ પ્રગટ થાય ? એવી જાતની ભાવના-જિજ્ઞાસા કરે. બધાંને એક જ માર્ગે જવાનું છે. જિજ્ઞાસુને પણ તે જ કરવાનું છે કે ભવનો અભાવ કેમ થાય ? સમ્યગ્દર્શન કેમ થાય ? તે ન થાય ત્યાં સુધી અશુભ ભાવથી બચવા માટે શુભ ભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા લાવે, શાસ્ત્રનો અભ્યાસ કરે; પણ ધ્યેય એક જ રાખે કે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય ? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય ? ભવનો અભાવ કેમ થાય ? ધ્યેય એક જ હોવું જોઈએ. શુભ ભાવથી પુણ્ય બંધાય, પણ એવો પુણ્યનો હેતુ તેને ન હોય. ભવનો અભાવ કેમ થાય ? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય ? શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય ? એવો જ જિજ્ઞાસુનો હેતુ હોવો જોઈએ.

**(સ્વાનુભૂતિદર્શન-૩૦૬)**

પ્રશ્ન :– રાગ અને જ્ઞાન જુદાં છે એટલું જાણે તો પૂરતું થઈ રહે ? કે દ્રવ્ય અને પર્યાયનું ભેદજ્ઞાન કરવું જ પડે ?



સમાધાન :– રાગ અને જ્ઞાન જુદાં છે, કારણ કે જ્ઞાયકભાવ પોતાનો સ્વભાવ છે અને રાગ છે તે પોતાનો સ્વભાવ નથી, વિભાવ છે; જ્યારે પર્યાય છે તે કોઈ અપેક્ષાએ પોતાની છે. તે પર્યાય કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. તેનું સ્વરૂપ જેમ છે તેમ જાણવું. તે દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે ખરો, પણ પર્યાયની કોટિને પર્યાય રીતે જાણે અને વિભાવથી જે રીતે ભિન્નતા છે તે રીતે ભિન્નતા જાણે. તે વિભાવને સર્વથા ભિન્ન જાણે કે આ મારો સ્વભાવ નથી. અને પર્યાયનું જેવું કથંચિત્ ભિન્ન અને અભિન્ન સ્વરૂપ છે તેવું જાણે. તેના પ્રયત્નમાં જેવા વિભાવ અને સ્વભાવના ભાગલા પાડે છે એવી જાતના સર્વથા ભાગલા પર્યાય સાથે નથી પાડતો. તેના જ્ઞાનમાં તે પર્યાયને જાણે છે અને દ્રવ્યને મુખ્ય કરે છે, ને પર્યાયને ગૌણ કરે છે; પણ પર્યાય સર્વથા ભિન્ન છે એવી જાતનું ભેદજ્ઞાન તેમાં આવતું નથી. તે પર્યાયને ગૌણ કરે છે, ને દ્રવ્યને મુખ્ય કરે છે, જેવો વિભાવ અને સ્વભાવનો ભેદ પડે છે, તેવો પર્યાય અને સ્વભાવનો ભેદ નથી પડતો, કેમકે પર્યાય કથંચિત્ અભિન્ન છે. જે જેમ હોય તેમ જાણવાનું હોય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૦૭)**

## ક્ષમાપના

શ્રીમદ્ ભગવંત વીતરાગ સર્વજ્ઞદેવ, પરમશાંતરસ નિમગ્ન નિર્ગ્રંથ ભાવલિંગી સંત ગુરુરાજ, વીતરાગતાપોષક જિનવાણીમાતા તથા જિનશાસન પરંપરામાં થયેલા સર્વ સત્પુરુષો પ્રત્યે મન-વચન-કાયાના યોગે જે કાંઈ પણ અવિનય, અપરાધ કે અશાતના થયા હોય તેની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. સ્વાનુભૂતિપ્રકાશના પાઠકવર્ગ પ્રત્યે પણ જે કોઈ અવિનય કે અશાતના થયા હોય તેની ક્ષમા યાચીએ છીએ.

**'આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. ... સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઈને વાસ કરવાની ઇચ્છા બાંધી રાખી છે. તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે.'**

પોતાને આત્મજ્ઞાન થવા છતાં પૂર્વકર્મનો ઉદય અનિવાર્ય જોઈને વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની વચ્ચે પોતે ગુપ્ત થઈને રહેવું યોગ્ય માન્યું છે. જગતના જીવોનો પરિચયનો અતિ સંક્ષેપ કરી નાખ્યો છે અને જે જીવો સાથે પૂર્વકર્મના કારણથી વર્તવાનું થાય છે ત્યાં પણ અજ્ઞાની થઈને અર્થાત્ અજ્ઞાની જીવ પ્રવર્તે તે પ્રકારે વ્યવહાર-કાર્યોમાં પ્રવર્તવાનો દૃઢ નિર્ણય કર્યો છે. જેથી મહાપુરુષોનો અવર્ણવાદ કરવાનું કોઈને કારણ ન થાય, તેમજ ભવિષ્યકાળે માર્ગ પ્રકાશવામાં બાધ પણ ન આવે. આ વચનામૃતમાં કૃપાળુદેવની લોકોત્તર વિચક્ષણતાના દર્શન થાય છે. જો આ સ્થળે આવી વિચક્ષણતાથી વર્તવાનું ન થાય તો સ્વ-પરને અહિતકારી પરિણામ આવવાનો સંભવ છે, તેથી આ વિષયમાં જે પ્રકારે તેઓશ્રી પ્રવર્ત્યા છે તે તેઓશ્રીનો મહા વિવેક છે.

**'તન્મય આત્મયોગમાં પ્રવેશ છે. ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે. કારણ, પંચમકાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી જ ઇચ્છા લાગે છે.'**

સ્વયંની આભ્યંતર દસાનો અહીં ઉલ્લેખ કર્યો છે કે આત્મામાં તન્મયયોગે પ્રવર્તાય છે અને તે કારણથી મન, વચન, કાયાના પુદ્ગલોથી આત્મા તદ્દન ભિન્ન પડી ગયો છે, તે ત્યાં સુધી કે અજ્ઞાનભાવે બાંધેલા પૂર્વકર્મનો ભોગવટો આત્મભાવે જરાપણ થતો નથી, પરંતુ ઉદયના ભોગવટા કાળે સ્પષ્ટપણે અને પ્રત્યક્ષપણે જ્ઞાતાદૃષ્ટાપણે રહીને ઉદયથી ભિન્નભાવમાં રહેવાય છે. અંતર પરિણતિ અત્યંત બળવાન હોવા છતાં પણ ચારિત્રમોહના ઉદયજનિત વેદોદય ચાલુ રહે ત્યાં સુધી ગૃહસ્થદશામાં રહેવું યોગ્ય લાગે છે. કુદરતને આ વાત મંજૂર હોય તેમ લાગે છે; કારણ કે પોતે ઉદયકાળે આત્મભાવમાં રહીને ચારિત્રમોહના મૂળનો ક્ષય કરે તેવા પુરુષાર્થમાં વર્તવા માટે સમર્થ છે. યદ્યપિ પોતાના ગૃહવાસને કારણે, બહારમાં પરમાર્થના ઉપદેશની વર્ષા થવાની સંભવિતતા નથી, જે પંચમકાળને કુદરતી રીતે અનુરૂપ છે, તો પણ સ્વયંના માર્ગવિકાસમાં તેનો પ્રતિબંધ નથી. માત્ર બીજા જીવોને ધર્મલાભ થવાનો અવકાશ ઓછો થાય છે પરંતુ પંચમકાળમાં આવું બને તે અસ્વાભાવિક નથી. લાક્ષણિક શૈલીથી આ વાત લખાઈ છે.

**'સૂત્ર લઈ ઉપદેશ કરવાની આળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બંધાય જણાયાં છે!'**

સ્વરૂપના અભેદજ્ઞાનમાં સર્વ શાસ્ત્રજ્ઞાન સમાય છે, સર્વ ભેદો તેમાં ગર્ભિત છે. તેથી પોતાના જ્ઞાન-સામર્થ્યને અનુલક્ષીને જણાવ્યું છે કે, ભવિષ્યમાં સૂત્ર અથવા શાસ્ત્ર સામે રાખીને ઉપદેશ કરવો પડે તેવી જરૂર નહીં પડે, કેમકે જ્ઞાનદશાના પ્રારંભમાં જ સૂત્ર અને તેના સર્વ પડખાં પોતાને જ્ઞાનમાં જણાઈ ગયા છે. આવું સાતિશય જ્ઞાન તેઓશ્રીને વર્તે છે તેનો ઉલ્લેખ ઉક્ત વચનામૃતમાં જોવા મળે છે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓક્ટોબર-૨૦૧૨નું) શુલ્ક શ્રી શાંતિલાલ યુ. દેઢિયા, મુંબઈના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




### ૧૭૦

મુંબઈ, કારતક સુદ ૧૪, બુધ, ૧૯૪૭

**'આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે. અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકનસુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; 'તુંહિ તુંહિ' વિના બીજ રટણા પણ રહે નહીં; માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહીં.'**

આ પત્રમાં પોતાને આત્મજ્ઞાન થયું છે તેનો ઉલ્લેખ તેમ જ ગ્રંથિભેદ એટલે કે મિથ્યાત્વની ગાંઠ ભેદાઈ ગઈ છે તેનો ઉલ્લેખ નિઃસંશયપણે કર્યો છે. નિર્મળ સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં નિઃશંકપણે સ્વયંના શ્રદ્ધા-જ્ઞાન અનુભવગોચરપણે વર્તે છે. સાથે સાથે પોતાની ઉક્તદશાના સર્વજ્ઞાનીઓ સાક્ષી છે તેવું પોતાને અંતરથી ભાસે છે અથવા પૂર્વના સર્વજ્ઞાનીઓની દશા અને વચનો પોતાની સમ્યક્દશાના સાક્ષીભૂત છે, તેમ ભાસે છે.

હવે છેવટની પૂર્ણદશાની ભાવના રહી છે તે પણ એટલા માટે ક કોઈપણ પ્રકારે નિજ અમ-તસાગરરૂપ પરમાત્માનું અનુભવન કરવામાં અલ્પ પણ આવરણ બાધ કરે નહિ અથવા તેમાં સૂક્ષ્મ ત્રુટકપણું પણ થવા પામે નહિ. નિરંતર પરિણતિમાં એક આત્મસ્વરૂપનું જ ભજન રહે અને કોઈપણ અંશે મોહ, સંકલ્પ, ભય કે માયા ઉત્પન્ન થાય નહિ.

**'એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે. માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટ માર્ગ કહેવો-પરમાર્થ પ્રકાશવો-ત્યાં સુધી નહીં. ... નિર્વિકલ્પતા તો છે જ; પરંતુ નિવૃત્તિ નથી, પ્રવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય. ત્યાર પછી ત્યાગ જોઈએ, અને ત્યાર પછી ત્યાગ કરાવવો જોઈએ.'**

**'મહાન પુરુષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છો, શું શું કરીને માર્ગ પ્રકાશ્યો છે, એ વાતનું આત્માને સારી રીતે સ્મરણ રહે છે.'**

જે મહાન પુરુષોએ શ્રી જિનેશ્વરદેવનો માર્ગ પ્રકાશ્યો છે તેમની દશા અને કાર્યપદ્ધતિનો કૃપાળુદેવને સારી રીતે ખ્યાલ છે કે ઉપરોક્ત દશા થયા વિના સમાજની વચ્ચે આવીને પ્રગટપણે માર્ગ પ્રકાશવાની શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા નથી. તદ્અનુસાર પોતે પણ એવો દૃઢ નિશ્ચય કર્યો છે. તેમાં નિર્વિકલ્પપણાની પ્રાપ્તિ તો થઈ છે અને તમાં નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવજ્ઞાને કરીને જણાયું છે તેથી તે સ્વરૂપ તેમજ તે સ્વરૂપ પમાવાના માર્ગને દર્શાવી શકાય તેમ છે; તો પણ પોતાને બાહ્ય નિવૃત્તિ નથી, જો નિવૃત્તિ હોય તો શાસનના કાર્યો અને બીજાનું કલ્યાણ કરવા માટે શું કરવું તે વિચારી શકાય; તે ઉપરાંત નિર્ગ્રંથનો માર્ગ પ્રકાશવા અને પ્રભાવના માટે પ્રકાશક પુરુષને પણ ત્યાગ જોઈએ અર્થાત્ સ્વરૂપ સ્થિરતાવશ સહજપણે બાહ્ય ત્યાગની દશા વર્તવી જોઈએ એટલે વીતરાગતાના સદ્ભાવમાં સાંસારિક જીવનના વિકલ્પો જ ઉત્પન્ન ન થાય, તેવી સહજ દશાની પ્રાપ્તિ થયા પછી તેવા ત્યાગનો ઉપદેશ કરવો જોઈએ. આવો ક્રમ સેવ્યા વિના ઉપદેશકપણે વર્તવું તે મહાન પુરુષોએ સેવેલા કર્મનો ભંગ થવા બરાબર છે અર્થાત્ તેઓની આજ્ઞા અને વર્તના સાથે વિસંગતતા ઉત્પન્ન થાય–તે અવિવેક છે એમ પોતાને લાગ્યું છે.